# આજે ભાઈ-બહેનના હેતનુ પવિત્ર પર્વ રક્ષાબંધન

**રાખડી બાંધવા માટે સવારે સુર્યોદયથી સાંજે ૫ :૨૭ સુધીનો સમય ઉત્તમ : ભુદેવો જનોઇ બદલશે : નાળિયેરી પુનમ હોવાથી નાવિકો દરિયાની પુજા કરશે**



ગાંધીનગર તા ૨૫

આજે રક્ષા બંધન .. ભાઈ બહેનના હેતનુ પર્વ એટલે રક્ષા બંધન ભાઈના ઉત્તમ સ્વાસ્થય અને દિર્ઘાયુ માટે રક્ષાની પ્રાર્થના સાથે બહેન ભાઈના હાથે રક્ષા બાંધી રાખી બાંધે છે. આ દિવસને નાળિયેરી પુનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. જયારે નાવિકો ,વહાણવટાઓ દરિયાનુ પુજા કરે છે. ભુદેવો આજે જનોઈ બદલશે. સવારે ૬ : ૨૧ ના સુર્યોદય સમયથી સાંજે ૫: ૨૭ સુધી રાખડી બાંધવા માટેનો સમય ઉત્તમ છે. નગરમાં રક્ષાબાંધનના પર્વને વિશિષ્ટ રીતે ઉજવવા પરિવારજનોમાં ઉત્સાહ જોવા મળી રહયો છે. રક્ષાબંધનની પુર્વ સંધ્યાએ મીઠાઇ અને રાખીની ખરીદી ઉપરાંત બહેનને આપવાની ભેટ સોગાદ ખરીદવા માટે વિશેષ ભીડભાડ જોવા મળી હતી. ભાઈ બહેનના હેત સાથે પવિત્ર શ્રાવણ માસના ભક્તિ પર્વનો અનોખા સમન્વયથી નગરના જનજીવનમાં વિશેષ ઉત્સાહ જોવા મળશે.

આજે રક્ષા બંધન ભાઈ બહેનના હેતનુ પર્વ એટલે રક્ષા બંધન..આ પવિત્ર દિવસે બેહન ભાઈના હાથમાં રક્ષા બાંધીને તેમના સારા સ્વાસ્થય અને દિર્ઘાયુ માટે પરામાત્માને પ્રાર્થના કરે છે. ભાઈ પણ બહેનને ભેટ સોગાદ આપી ખુશી વ્યકત કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વાદળોની લુપાછુપી : છાંટણા વરસ્યા

**આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાયા એવા વરસ્યા નહિ : દિવસના અંતે ૭ મીમી વરસાદ જ થયો**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં છેલ્લા બે દિવસથી ઝરમરિયો વરસાદ વરસી રહયો છે. જયારે આજે પણ તડકી છાયડીના માહોલ વચ્ચે શ્રાવણના સરવરિયા વરસ્યા હતા. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વચ્ચે કેટલાક ઠેકાણે છાંટણા પડયા હતા. સરવરિયા વરસાવતા મેઘરાજાના લીધે સેકટરોમાં વરસાદ આચમની ભરીને વરસ્યો હતો. દિવસના અંતે માત્ર ૭ મી મી વરસાદ નોંધાયો હતો. શહેરમાં સિઝનનો કુલ વરસાદ ૨૮૭ મી મી થયો છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી મેહુલિયો રોજ હાજરી પુરાવી જાય છે. પરંતુ ધોધમાર વરસાદ વરસતો નથી. ગઈકાલે પણ ઝરમરિયા વરસાદ વચ્ચે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો.જયારે આજે દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોની હેરાફેરી વચ્ચે સતત વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. સવારથી સાંજ સુધી અલપ ઝલપ હાજરી પુરાવી જતા મેઘરાજા શ્રાવણના સરવરિયા વરસાવી અદ્રશ્ય થઈ જતા હતા. બપોરના સમયે અચાનક તડકો નિકળ્યો હતો. જો કે ફરી આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે સાંજના સમયે અચાનક જ વરસાદી વાદળો મંડરાયા હતા. પરંતુ વાદળિયા વાતાવરણના અંતે પણ વરસાદ છાંટણા વરસાવી વિદાય થઈ ગયો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ અંશત : બફારો અનુભવ્યો હતો. સાંજના સમયે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરમાં સિઝનનો સવા ૧૧ ઈંચ વરસાદ વરસ્યો હતો.

# કપાસના પાકમાં મિલીબગ દેખાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ખેતી માટે બેવડી ઋતુ જેવો માહોલ પ્રવર્તતો હોવાથી જિલ્લાના કેટલાક ગામોમાં કપાસના પાકમાં મિલી બગનો રોગ દેખાવા પામ્યો છે.

**પાકની સ્થિતિ સારી છે : છુટીછવાઈ ફરિયાદો છે પણ દવા છંટકાવ પછી પરિસ્થિતિ સુધરી છે : જિલ્લા તંત્ર**

જિલ્લામાં આ વખતે ચોમાસુ મોડુ છે એટલુ જ નહિ અનિયમિત વરસાદને કારણે પણ ખેડૂતોએ બે તબક્કે વાવણી ખરીફ સિજનમાં કરી છે.

જિલ્લામાં મગફળીના પાકમાં પણ થોડોક રોગચાળાની સ્થિતિની ફરિયાદો ઉઠવા પામી છે. જો કે હાલ જે રીતે મેઘરાજા વરસી રહ્યા છે તેનાથી વર્તમાન ખેતીને જીવતદાન જરૂર મળી જશે પણ રવિ સીઝનમાં તે પ્રશ્નો ઉભા કરશે.

કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ઘડીકમાં તડકો અને ઘડીકમાં ભેજવાળુ વાતાવરણ એ મિલીબગ અને અન્ય ચૂસીયા પ્રકારની જીવાતો માટે ઉત્તમ વાતાવરણ પુરૂ પાડે છે.

જિલ્લાના કેટલાક ગામોમાં કપાસના પાકમાં આ મિલીબગ જોવા મળી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા ગ્રામસેવકોના માધ્યમથી ખેડૂતોને દવા છંટકાવનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. તંત્રના સૂત્રોનો દાવો છે કે જિલ્લામાં હાલ પાકની સ્થિતિ સારી છે. રોગચાળો સામાન્ય છે પણ તે નિયંત્રણ હેઠળ છે અને ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી.



# જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર એક લાખ હેક્ટરને પાર કરી ગયુ

**ડાંગર, બાજરી, શાકભાજીના પાકોમાં વાવેતર વિસ્તાર ઘટ્યો : વરસાદની બદલાયેલી પેટર્ન પણ બદલાતાં ખેડૂતોને બે તબક્કે વાવેતર કરવુ પડ્યુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પખવાડિયાથી થઈ રહેલા વરસાદને પગલે ખેતીના વાવેતર કાર્યમાં વેગ આવ્યો છે. ખેડૂતો દ્વારા દિવેલા, ગુવાર અને મગના પાકનું વાવેતર વધવા પામ્યુ છે.

જિલ્લામાં આ ખરીફ ઋતુ દરમ્યાન એક લાખ હેક્ટર કરતાં વધારે વિસ્તારમાં વાવેતર થયુ છે. જિલ્લામાં વારસાદ ખેંચાયાને પગલે ખરીફ ઋતુનું વાવેતર બે તબક્કામાં થયુ હોવાથી થોડોક વાવેતર વિસ્તાર આ વખતે ઘટવાની સંભાવનાઓ છે. જોકે દિવેલાનું વાવેતર જે રીતે ચાલી રહ્યુ છે તે જોતાં આગામી દિવસોમાં સરેરાશ વાવેતર ખરીફ ઋતુનું થઈ જશે તેવો વિશ્વાસ તંત્ર દ્વારા સેવવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં આ વખતે ડાંગર (પિયત) બાજરી અને શાકભાજીના પાકોનું વાવેતર ઘટવા પામ્યુ છે પરંતુ શણ, વરિયાળી, ચોળા અને ફળ તેમજ ફૂલપાકનું વાવેતર પણ સારૂ થયું છે.

જિલ્લા કૃષિતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૦૬,૨૮૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે. જેમાં ઘાસચારાનું વાવેતર ૨૮,૯૪૫ હેક્ટર, શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૫૧૦ હેક્ટર, ગુવાર ૮૬૩૯

● અનુસંધાન પાન-૭ પર

# રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ૩૧૯ બાળકોને હજુ પ્રવેશ મળ્યો નથી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ૩૧૯ બાળકો હજુ પણ પોતાની પસંદગીની શાળામાં પ્રવેશથી વંચિત રહેવા પામ્યા છે.

જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત બે તબક્કામાં ૨૪૯૦ બાળકોને તેમની પસંદગીની શાળામાં પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં આ એક્ટ અંતર્ગત ૨૧૭૧ બાળકોને જ પ્રવેશ શાળાઓ દ્વારા આપવામાં આવ્યો છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત આ વખતે પ્રવેશ પ્રક્રિયામાં કાનૂની વિવાદને પગલે વિલંબ થયો છે. પ્રથમ સત્ર સમાપ્તીને આડે હવે બે મહિનાથી પણ ઓછો સમય બાકી છે પણ હજુ આ એડમિશન પ્રક્રિયા ચાલુ છે.

૩૧મી ઓગષ્ટ સુધી મળેલા પ્રવેશ જ માન્ય ગણાતા હોવાથી તંત્ર આ બાળકોના પ્રવેશ અંગે હરકતમાં આવ્યુ છે અને આગામી સપ્તાહમાં આ કામગીરી સંપન્ન કરાશે. જરૂર પડ્યે શાળા સંચાલકો સામે લાલ આંખ પણ તંત્ર કરે તેવી શકયતાઓ છે.

# બાર કાઉન્સીલની એક્ઝીક્યુટીવ કમિટીના ચેરમેન તરીકે કરણસિંહ વાઘેલાની વરણી

**રૂલ્સ કમિટીના ચેરમેન તરીકે શંકરસિંહ ગોહિલની વરણી થતાં જિલ્લાની વકીલ આલમનો આનંદ બેવડાયો**

ગાંધીનગર, તા. ૨૫

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની એક્ઝીક્યુટીવ કમિટીના ચેરમેનપદે ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી કરણસિંહ વાઘેલાની





નિયુક્તી કરવામાં આવી છે.

સતત બીજા ટર્મમાં પણ બાર કાઉન્સીલમાં વિજેતા બનેલા કરણસિંહ વાઘેલાની સિનીયોરીટીને ધ્યાને લઈ આ મહત્વની જવાબદારી બાર કાઉન્સીલની સોંપવામાં આવી છે.

ગાંધીનગરના બીજા વકીલ શંકરસિંહ ગોહિલ પણ આ વેળાએ કાઉન્સીલમાં ચૂંટાઈને આવ્યા છે અને તેમને પણ બાર કાઉન્સીલની રૂલ્સ કમિટીના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં જિલ્લાના બન્ને સિનીયર વકીલોને મળેલા મહત્વના સ્થાનોને પગલે આજે જિલ્લાની વકીલ આલમમાં ખુશીનો માહોલ છવાયો છે.

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ચૂંટણી દર પાંચ વર્ષે યોજવામાં આવે છે. ત્યારબાદ દર વર્ષે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના હોદ્દેદારોની ચૂંટણી યોજાય છે.

તા. ૨૮-૩-૧૮ના રોજ બાર કાઉન્સીલની ચૂંટણી યોજાઈ હતી. ૨૦૧૮-૧૯ માટે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ચેરમેન તરીકે અમદાવાદના દિપેન દવે તેમજ વલસાડના પ્રવિણભાઈ પટેલને વાઈસ ચેરમેન તરીકે બિનહરિફ ચૂંટી કાઢવામાં આવેલ છે. આ ઉપરાંત બાર કાઉન્સીલની એક્ઝીક્યુટીવ કમિટીના ચેરમેન તરીકે કરણસિંહ વાઘેલા, એનરોલમેન્ટ કમિટીના ચેરમેન તરીકે સી.કે. પટેલ, રૂલ્સ કમિટીના ચેરમેન તરીકે શંકરસિંહ ગોહિલ, ફાયનાન્સ કમિટીના ચેરમેન તરીકે આર.એન. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ ઉપરાંત બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં તેર શિસ્ત કમિટીઓનું ગઠન કરવામાં આવ્યુ છે. જેમાં સુધીર નાણાંવટી, નિરૂપમ નાણાંવટી, મિહીર ઠાકોર, રશ્મીન જાની તેમજ અનિલ કેલ્લાની શિસ્ત કમિટીના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે.

**આર. અર્બન કેટેગરીમાં સમાવાયેલા**

# ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં પાણીના પ્રશ્નો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૧૦ હજારથી વધુ વસ્તુ ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીના પ્રશ્નો માટે ગ્રાન્ટ પાણી પુરવઠા વિભાગ દ્વારા ફાળવવામાં ના આવતાં આ ગામડાઓની હાલત કફોડી બનવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા આ ગામોને આર. અર્બન કેટેગરીમાં પાણી પુરવઠા દ્વારા મુકવામાં આવ્યા છે અને છેલ્લા ત્રણેક વર્ષથી આ કેટેગરીના ગ્રામ્ય વિસ્તારો માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા કોઈજ પ્રકારની ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.

આવા ગામોમાં કોલવડા, ડભોડા, રાંધેજા, સઈજ, બોરીસણા સહિતના ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. આ ગામોમાં પેયજળના પ્રશ્નો છે અને તંત્ર દ્વારા વારંવાર રજુઆતોને અંતે માત્ર હૈયાધારણ આપવામાં આવે છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વરસાદની ઘટ ૨૦ ટકાની આસપાસ રહી છે. આ ગ્રામ્ય વિસ્તારો સ્થાનિક સ્ત્રોતોમાંથી પાણી મેળવી રહ્યા છે. આ ગ્રામ્ય વિસ્તરોના પરાઓ પણ સારા એવા વિકસી ચુક્યા છે પણ આ માટે તંત્ર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવતી ના હોવાથી આવા ગ્રામ્યોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

આર. અર્બન વિલેજ માટે પુરતુ ફંડ સરકાર દ્વારા ફાળવવામાં નહિ આવે તો આગામી દિવસોમાં આ વિસ્તારોમાં રહેતા ગ્રામવાસીઓ દ્વારા આંદોલનનો માર્ગ અપનાવશે તેમ જાણવા મળેલ છે.

# ભવ્ય સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સરદાર જયંતીએ લોકાર્પણ કરાશે

**રૂપાણીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી : ઉદ્‌ઘાટનને લઈને તડામાર તૈયારી**
**રૂપાણીએ આગામી તૈયારીને લઇ સમીક્ષા બેઠક યોજી : અધિકારીઓને સૂચના**



અમદાવાદ, તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આજે સરદાર સરોવર બંધના નિર્માણ સ્થળ સાધુ બેટ ખાતે રૂબરૂ મુલાકાત લઈ ત્યાં આકાર પામી રહેલી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી વિરાટતમ અને ઊંચી પ્રતિમાની કામગીરીનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે આ પ્રતિમા આગામી તા.૩૧ ઓક્ટોબર સરદાર પટેલ જયંતિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવાની સંપૂર્ણ તૈયારીઓ અંગે બેઠક પણ યોજી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આગામી તૈયારીઓને લઈ અધિકારીઓ અને તંત્રના માણસોને જરૂરી સૂચના પણ આપી હતી. તા. ૨૫ ઓક્ટોબર સુધીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની કામગીરી પૂર્ણ થવાની શકયતા છે. મુખ્યમંત્રી દ્વારા યોજાયેલી મહત્વની બેઠકમાં ધ્યાન દોરાયું હતું કે, સમગ્ર વિશ્વમાં સરદાર પટેલની સૌથી ઉંચી એવી આ પ્રતિમાનું સ્ટીલ સ્ટ્કચર કામ તા.૨૦ સપ્ટેમ્બર સુધીમાં અને બ્રોન્ઝનું કામ તા.૧૦ ઓક્ટોબર સુધીમાં અને સંપુર્ણ ફિનિશિંગ તા.૨૫ ઓક્ટોબર સુધીમાં પુરું

● અનુસંધાન પાન-૭ પર

**વિસનગરા નાગર બેસણું**



અમારા માતૃશ્રી **નર્મદાબેન દશરથલાલ ઠાકોર** તા. ૨૫-૮-૧૮ને શનિવારના રોજ પ્રભુ શરણ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૭-૮-૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૦૧૯/૨, સેક્ટર-૩/ડી, નવરાત્રી ચોક પાસે, ગાંધીનગર**

**સ્વ. દશરથલાલ લલ્લુરામ ઠાકોર (ગામ : ધણપ)**

| | |
|---|---|
| રમેશભાઈ દશરથલાલ ઠાકોર | વિનોદચંદ્ર દશરથલાલ ઠાકોર |
| મહેશકુમાર દશરથલાલ ઠાકોર | નવિનચંદ્ર દશરથલાલ ઠાકોર |
| રોહિતકુમાર દશરથલાલ ઠાકોર | નવિનચંદ્ર અંબાલાલ પંડ્યા (જમાઈ) |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com